# સંવાદ...

## ચેરમેનશ્રીનું નિવેદન


અશ્વિનભાઈ પરીખ

પ્રિય જ્ઞાતિબંધુઓ,

આજથી ૨૮ વર્ષ પહેલા, કડીના આપણા સમાજની પાંચથી છ વ્યક્તિઓએ ભેગા થઈ, એક નાનકડી ઉજાણીનું આયોજન પ્રથમ વખત ઉસ્માનપુરા વાડીમાં કર્યું. ઉજાણીનો ખર્ચ પણ આ જ પાંચ વ્યક્તિઓ ભોગવતી હતી. જમણવારમાં જ્ઞાતિનાં માત્ર ૫૦ થી ૬૦ ભાઈબહેનો હાજર રહેતા.

આ પછી બલવંતરાય હૉલ, મણીનગરમાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. આવી રીતે બધાએ વર્ષમાં એક વખત ભેગુ થવું અને ઉજાણી કરવી, એવું નક્કી કરવામાં આવ્યું. થોડું ઘણું ફંડ પણ એકઠું કરવામાં આવ્યું.

તારીખ ૩૦ માર્ચ, ૧૯૮૯ના રોજ સ્વ. રસિકલાલ એન. શાહના નિવાસ સ્થાને એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું અને 'કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ, અમદાવાદ' એવું નામ આપી, ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી.શરૂઆતમાં પૈસાની અછત હોવા છતાં, દર વર્ષે ૪૦૦ થી ૫૦૦ જ્ઞાતિજનો ભેગા થતા અને ઉજાણી કરતા. જગ્યાનો પ્રશ્ન તો હતો જ.

સ્વ. રસિકકાકાના નિવાસસ્થાને અમે ઉજાણી મીટીંગ કરતા. ફંડની શરૂઆત રૂા. ૧,૦૦૦/- આપી સ્વ. રસિકલાલ એન. શાહે કરી. તેમની સાથે બીજા ટ્રસ્ટીઓ પણ જોડાયા. શ્રી બ્રિજવલ્લભભાઈ એમ. શાહ, શ્રી મહેન્દ્રભાઈ એન. શાહ, શ્રી કનુભાઈ એમ. વોરા, શ્રી કાન્તીલાલ ડી. પરીખ, શ્રી જયંતીલાલ બી. શાહ, શ્રી રમેશચંદ્ર એન. વોરા, શ્રી રસિકલાલ સી. શાહ, શ્રી જસવંતલાલ એન. વોરા, શ્રી મધુભાઈ એ. શેઠ, શ્રી અશ્વિનભાઈ કે. પરીખ, શ્રી પંકજભાઈ જે. પરીખ, શ્રી યોગેશભાઈ એન. ઘડાવાલા, શ્રીમતી ડૉ. કુંદનબેન ડી. ઘડાવાલા, શ્રી પંકજભાઈ એ. શાહ.

કડીના અમદાવાદમાં અને પરદેશમાં વસતા સઘળા નાગરિકોના ઉત્કર્ષના હેતુઓ માટે એક ટ્રસ્ટ કરવાની ઈચ્છા હોવાથી, શ્રી રસિકલાલ એન. શાહે ટ્રસ્ટના વહીવટનું કામ સ્વીકાર્યું અને સંસ્થાના પહેલા પ્રમુખ બન્યા. શ્રી કાન્તિલાલ ડી. પરીખ અને શ્રી બ્રિજવલ્લભભાઈ એમ. શાહે ઉપપ્રમુખની જવાબદારી સ્વીકારી અને શ્રી અશ્વિનભાઈ કે. પરીખ અને શ્રી કનુભાઈ એમ. વોરા મંત્રી તરીકે નિયુક્ત થયા. ટ્રેઝરર તરીકે શ્રી મહેન્દ્રભાઈ એન. શાહની નિમણૂંક કરવામાં આવી.

ટ્રસ્ટના નાણાંનો ઉપયોગ કેળવણી, પુસ્તક સહાય, આર્થિક અને મેડીકલ સહાય, પરદેશ જનારાને તથા અન્ય જરૂરિયાતમંદને લોન, જેવા હેતુઓ માટે કરવાનું ઠરાવવામાં આવ્યું. શરૂઆતમાં આવા હેતુ પાર પાડવાનું શક્ય ન હતું, પણ ધીમે ધીમે હિંમત ન હારતા અમે અમારાં પ્રયત્નો ચાલુ રાખ્યા.

શ્રી કનુભાઈ વોરા, શ્રી અશ્વિનભાઈ પરીખ તથા શ્રી કાન્તિભાઈ પરીખે અમેરિકાની એક ટૂર સ્વખર્ચે કરી અને ફંડ ઉઘરાવવાનું કામ પૂરજોશમાં ચાલુ કર્યું. સમયાંતરે પ્રમુખ શ્રી રસિકલાલ શાહના અવસાન પછી શ્રી કાન્તિભાઈ પરીખે પ્રમુખસ્થાન સ્વીકાર્યું. એ સમય દરમિયાન તેમણે પ્રમુખ અને મંત્રી – એમ બેવડી જવાબદારી સફળતાપૂર્વક સંભાળી. સહુ મિત્રો સાથે હતા, છતાં, કામનો બોજ વધતો જતો હતો, સાથે ઉત્સાહ પણ વધતો જતો હતો. ઉજાણીમાં હવે ૯૦૦ થી ૧૦૦૦ ની સંખ્યા થવા માંડી. એક થી ચાર ધોરણમાં અભ્યાસ કરતા દરેક ભૂલકાંને સ્કૂલબેગ, ટિફીન, વોટરબેગ, એમ વારાફરતી આપવાની શરૂઆત કરી. ધોરણ પાંચ થી અગિયારના દરેક વિદ્યાર્થીને મોટી સાઈઝની

શરૂઆત કરી. મેડિકલ સહાય માટે પણ જરૂરિયાત પ્રમાણે વ્યાજબી મદદ આપવાનું શરૂ કર્યું. આજપર્યંત આ બધી જ સહાય યોજનાઓ અમલમાં છે. ઉપરાંત, ધોરણ ૧૦ અને ૧૨ મા સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ આવનારને ટ્રોફી, ધોરણ પાંચ થી બાર સુધી માર્કસના આધારે ૩ ઈનામ, કોલેજમાં પ્રથમ આવનારને ઈનામ, અનેરી સિધ્ધિ માટે વિશિષ્ટ ઈનામ/સન્માન અને ૭૫ વર્ષથી ઉપરના વરિષ્ઠને શાલ ઓઢાડી સન્માન કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ આજે પણ ઉત્સાહભેર થઈ રહી છે. અને હા, દર વર્ષે બધાને અનુરૂપ એવું ભોજન પીરસી, ઉજાણી કરવામાં આવે છે.

એક સમય એવો હતો, જ્યારે રૂા. ૧૦,૦૦૦/- ની ફીક્સ્ડ ડીપોઝીટ પહેલી વાર બનાવી, ત્યારે ખૂબ આનંદ થયો હતો. આજે આપણી પાસે દેના બેંક તેમજ એચડીએફસી બેંક — બન્નેમાં થઈ, તા. ૩૧/૩/૨૦૧૬ સુધી આશરે રૂા. ૮૨,૦૦,૦૦૦/- (રૂપિયા બ્યાશી લાખ) નું ફંડ છે. તાજેતરમાં જ બંધારણમાં ફેરફાર કરી, મંડળમાં યુવા સભ્યો લાવવાનો પ્રયાસ ખરેખર સરાહનીય છે. એમાં પણ નવા વરાયેલા પ્રમુખશ્રી સૌરીનભાઈ પરીખ અત્યારે જે મહેનત કરી રહ્યા છે, તે જોતા મને વિશ્વાસ છે, કે તે અમારા અધૂરા કાર્યો પૂરા કરશે અને કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળને ઊંચા શિખરે લઈ જશે. મારા ખૂબ ખૂબ અભિનંદન.

મારા ૨૮ વર્ષના કાર્યકાળ દરમિયાન જે જ્ઞાતિજનો અને દાતાઓએ ખભેખભા મિલાવી સહકાર આપ્યો છે, તેમનો હાર્દિક આભાર માનુ છું. પરદેશમાં વસતા જ્ઞાતિબંધુઓનો પણ હું આભારી છું, જેમણે મારી દરેક મુલાકાત દરમિયાન ખૂબ જ પ્રેમપૂર્વક આવકાર્યો અને જ્ઞાતિ માટે ભંડોળ એકઠું કરવામાં પણ મદદ કરી.

આપણા સમાજના લીધે જ મને અન્ય સમાજમાં પણ નોંધનીય સ્થાન અને સન્માન મળ્યું છે, તે માટે હું ઋણી છું.૨૮ વર્ષના કાર્યકાળ દરમિયાન મારાથી કોઈનું પણ મન દુભાયું હોય, તો અંતઃકરણ પૂર્વકની ક્ષમાયાચના સાથે.

**- અશ્વિન પરીખના જયશ્રી કૃષ્ણ.**



**વિશ્વની સૌથી વધુ શ્રીમંત વ્યક્તિ તરીકે કબરમાં જઈને સૂઈ જવા કરતાં, રાતે રોજ કાંઈ સારુ કામ કરીને સૂઈ જવામાં મને વધારે રસ છે. - સ્ટીવ જૉબ્સ**